Join Today... Varsha Patel's
Vadodara's Best
SINCE 1995
VARIANT COOKING CLASSES
Certificate Course
15 Variety Cooking Classes
D/601, Smrudhi Satvik, Danteswar
M: 9426326389

॥ આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ॥

Fortnightly E-Magazine

વડોદરાના કચ્છીઓનું

# સમાજ-દર્શન

પખવાડિક ઈ-મેગેઝિન

વર્ષ: ૨ • અંક: ૧૬ • સળંગ અંક: ૪૦ • ૨૦ નવેમ્બર, ૨૦૨૫, ગુરૂવાર • કુલ પાનાં: ૧૨ • કિંમત: નિઃશુલ્ક

Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર આ અંકો નિયમિતરૂપે મેળવવા ગ્રુપ જોઈન કરવા અહીં ક્લિક કરો.





## શ્રી કચ્છી લોહાણા મહિલા મંડળ, વડોદરા

શ્રી કચ્છી લોહાણા મહિલા મંડળ દ્વારા આ વર્ષે ગરબા મહોત્સવનું આયોજન આસો સુદ ૧૨ ને શનિવાર, તા.૪.૧૦.૨૦૨૫ના રોજ કરવામાં આવેલ જેમાં સર્વ જ્ઞાતિજનોએ ઢોલ અને શરણાઇના તાલે - સંગીતની રમઝટની સાથે અંબેમા તથા આશાપુરા માની આરાધના કરવા બહોળી સંખ્યામાં હાજરી આપેલ.

સૌ પ્રથમ સાંજે દીપ પ્રાગટ્ય લક્ષ્મીબેન વીરજીભાઇ સ્વાતિના હસ્તે કરવામાં આવેલ. ત્યારબાદ માતાજીની આરતીના થયેલ જેના લાભાર્થી કલ્પનાબેન દેવેન્દ્રભાઇ કોઠારી તથા પ્રસાદના લાભાર્થી જયશ્રીબેન રાજેન્દ્રભાઇ ઠક્કર પરિવારો હતા.





આ વર્ષના સંગીત વૃંદના દાતા ભારતીબેન સુરેશભાઇ કોઠારી, જયશ્રીબેન જેઠાલાલ ઠક્કર તથા પુષ્પાબેન રણજીતભાઇ તન્ના હતા તો હરીફાઇના ઇનામો શારદાબેન રમેશભાઈ રૂપારેલ તરફથી અને સિનીયર સિટીઝનના ઇનામો સંગીતાબેન ઉત્પલભાઈ કારીયા તરફથી અને કાર્યક્રમમાં રજુ થયેલ એક્ઝીબીશન ગરબાના ઇનામો ફાલ્ગુનીબેન નિમેષભાઈ કેસરીયા પરિવારો તરફથી હતા. આ વર્ષની લ્હાણીના દાતા જયશ્રીબેન રાજેન્દ્રભાઇ ઠક્કર તથા કુસુમબેન રજનીકાંત ભીંડે હતા તથા જજ માટેના મોમેન્ટો પ્રજ્ઞાબેન દિનેશભાઇ કેસરિયા તરફથી આપવામાં આવ્યા હતા.





માતાજીનાં ગરબામાં બધા ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને આવ્યા હતા તથા ગરબે ઘુમીને માતાજીની આરાધના કરી હતી. કાર્યક્રમનું સમાપન અન્નપૂર્ણાનો પ્રસાદ લઇ થયેલ જેના સૌજન્ય દાતા હતા નિમેષભાઇ-મનીષભાઇ જયંતિભાઇ ઠક્કર (વર્ષા એક્ઝોટીકા વાળા). ગરબામાં રમઝટ જમાવી બધા આગામી કાર્યક્રમને માણવા છુટા પડ્યા હતા. કાર્યક્રમનું આયોજન મહાજનની કારોબારી તથા યુવા પાંખ સમીપના સથવારે મહિલા મંડળે ખૂબ જ સુંદર રીતે પાર પાડ્યું હતું.






હાર્દિક શુભેચ્છાઓ સહ
રામજીભાઈ કેસરીયા
MICROFINE PRODUCTS
Mfg. of :
Bushes, Dowel Pins, Precision Components.
CNC Turned and Ground Shafts
797, GIDC Industrial Estate, Makarpura, Vadodara - 390010. GUJ.
Email : microfineproducts@gmail.com, microfineproducts@yahoo.com
Mob: +91 85111 63773

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
આપના સમાજના સમાચારો
નિયમિતરૂપે મોકલાવો.
આપ સમાચારો-ફોટા-અહેવાલ
વોટસએપ નં. 9377124582 પર
અથવા
Email: samajdarshan.mail@gmail.com
પર મોકલાવી શકો છો.

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
કચ્છી સાહિત્ય
તથા કચ્છની
અનોખી માહિતી
સાથે
ગુજરાતીમાં
સંસ્કારી સાહિત્યની
સિલેક્ટેડ કૃતિઓનો
અદ્‌ભૂત ખજાનો
આપના
મોબાઈલ
પર
નિયમિત
ધોરણે
અંકો
મેળવવા
અહીં ક્લિક કરો



# શ્રી કચ્છી લોહાણા મહાજન, વડોદરા








શ્રી કચ્છી લોહાણા મહાજન વડોદરા દ્વારા સં. ૨૦૮૨ના કારતકી પુનમ ને બુધવાર તા.૫.૧૧.૨૦૨૫ ને દેવદિવાળીના શુભદિને મહિલા મંડળના સથવારે તુલસી વિવાહનો કાર્યક્રમ યોજાઇ ગયો, તેની સાથે સાથે પૂજ્ય જલારામબાપાની જન્મ જયંતિની ઉજવણી, નવ વર્ષ નિમિત્તે જ્ઞાતિજનોનું સ્નેહ મિલન તથા જ્ઞાતિનાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતો સરસ્વતી સન્માન સમારોહનું આયોજન પણ કરવામાં આવેલ.

આ વર્ષે વરસાદની આગાહીના કારણે આ કાર્યક્રમ એકાદશીના સ્થાને કારતકી પુનમના રોજ ઉજવવામાં આવેલ. શ્રી કચ્છી લોહાણા મહિલા મંડળની જહેમતથી દર વર્ષે તુલસી વિવાહનો અનુપમ પ્રસંગ રંગેચંગે ઉજવાઇ રહેલ છે. આ પ્રસંગે સમગ્ર જ્ઞાતિજનો સાજન-માજન તરીકે પધારીને કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

સાંજે ૫:૦૦ કલાકે ઢોલ-નગારા સાથે જાન પ્રસ્થાન બાદ તુલસીમૈયાની જાન શ્રી લોહાણા સેવા મંડળ, કારેલીબાગના લગ્ન સ્થળે પહોંચી હતી ત્યારે મોંઘેરા મહેમાન તરીકે પધારેલ સમસ્ત કચ્છી લોહાણા મહાજનનું સ્વાગત કચ્છી લોહાણા મહિલા મંડળની કારોબારી બહેનોએ સૌજન્ય દાતા બનીને કર્યું હતું. તેની સાથે જ ગરબા રાસની રમઝટ સાથે વિવાહની વિધિ સંપન્ન થઇ હતી. હાજર રહેલ જ્ઞાતિજનોએ લગ્નની વિવિધ વિધિઓમાં ભાગ લીધેલ.

ત્યારબાદ સાંજે ૭.૩૦ કલાકે આરાધ્ય દેવોની સ્થાપના સાથે પૂજ્ય જલારામ બાપાની તથા અન્ય દેવી દેવતાઓની પૂજા-અર્ચના-આરતી કરવામાં આવી હતી, જેમાં લોહાણા મહાજનના કારોબારી સભ્યોની સાથે વડીલો અને જ્ઞાતિજનો પણ જોડાયા હતા. દર વર્ષે વડોદરા તથા બહારગામથી જ્ઞાતિજનો પધારી આ પ્રસંગને માણીને ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

ત્યારબાદ મહાજનનાં તમામ હોદેદારો તરફથી સમાજને હાર્દિક શુભ-કામનાઓ તથા બધાને આ નવું વર્ષ લાભકારી - સુખકારી નિવડે તેવી હાર્દિક શુભેચ્છાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ જ્ઞાતિનાં વિવિધ પરિક્ષાઓમાં સફળ થયેલ વિદ્યાર્થીઓ માટેનો સરસ્વતી સન્માન કાર્યક્રમ શરૂ થયો હતો ત્યારે નાના ભુલકાઓથી માંડીને તેમના માતા-પિતાના ચહેરાની રોનક પણ નિખરી ઉઠી હતી. બધા જ સફળ વિદ્યાર્થીઓને તાળીઓના ગડગડાટથી વધાવવાની સાથે ઇનામો તથા સર્ટીફીકિટ એનાયત કરાયા હતા.

આવા ભરચક કાર્યક્રમ બાદ અંતમાં બધાએ પ્રિતિભોજનનો લહાવો લીધો હતો જેના સૌજન્ય દાતા હતા નિમેષભાઇ તથા મનીષભાઇ ઠક્કર.(વર્ષા એક્ઝોટીકાવાળા જયન્તીભાઇ ઠક્કરના સુપુત્રો) કાર્યક્રમની મોજ માણી બધા છુટા પડ્યા હતા.








CA

હાર્દિક શુભેચ્છાઓ સહ...

વડોદરાના કચ્છીઓનું
‘સમાજ દર્શન’ના વાચકોને જય જિનેન્દ્ર.

# RAJESH NAGDA & CO.

CHARTERED ACCOUNTANTS

309, VICE REGAL COMPLEX, 15, PUNIT NAGAR,
NR MALHAR POINT, OPP. MAGNUS, NR CAFE CLAN, O. P. ROAD, VADODARA 390 007
M: 9375776943 | 8980645180

Rajmani 10

5BHK
LUXURIOUS
VILLA



*Truly a stately Lifestyle*

*Ultimate LUXURY awaits YOU*

*A stylish dream home with comfort & elegance.*

*Value added amenities*

B/h. Imperia Complex, Nr. Gotri Police Station, Gotri, Vadodara 390021

RAJMANI
RESIDENCY
3BHK LUXURIOUS FLATS




Fine Homes, Luxurious Lifestyle

A world of happiness created for you & your family

Spacious layouts with crafted amenities

B/h. Vakratund Palm, Nr. Nilkanth Heights, Sevasi TP 1 Canal Road, Vadodara 391101

**Nagda Developers Pvt. Ltd.** • M.: 9375776943 | 8980645180

## ટચૂકડી જા.ખ.ના RATES

પ્રથમ ૨૦ શબ્દોના રૂા.૧૦૦ (ફિક્સ)ગણાશે. Englishના shortform ને આખો શબ્દ ગણવામાં આવશે. (2 BHK એટલે ૨ નહીં પણ ૪ શબ્દ) હેડીંગના રૂા. ૧૦/- એક્સ્ટ્રા થશે. ૨૦ શબ્દ પછીના વધારાના શબ્દ દીઠ રૂા. ૩/-

જાહેરખબર મળ્યા બાદના પ્રથમ અંકમાં પ્રકાશિત કરવા પ્રયત્ન કરાશે. જાહેરાતનું લખાણ whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલવું. પેમેન્ટ ઉપરના ફોન પર કોઈપણ પેમેન્ટ ઍપ દ્વારા કે UPI id: npbaroda@okicici પર મોકલી શકો છો.

## BOX

**Advertise Rate**

DISPLAY BOX
Size : 82 x 72 mm
Rate: 200/-
(For 6 Mo./ 12 Ads. Rs. 1000/- and For 12 Mo./ 24 Ads. Rs. 1900/- only)
ONLY TEXT MATTER, LOGO ETC. WILL BE XTRA
DIFFERENT MATTER CAN BE SET FOR DFFERENT ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/601, Samrudhi Satvik, Nr. Darshnam Antica, Bh. Bansal Mall, Danteswer, Vadodara 390004, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઈપણ પ્રોડક્ટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઈપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક,તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

*Zalak Maheshwari*
M :9662 42 41 40

VARIANT Cooking & Baking Classes

*New Vision & New Varieties*



B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015
Website : www.variantclass.in
Email: variantclass@gmail.com



*Varsha Patel*
M: 9426326389

SINCE 1995
VARIANT COOKING CLASSES

*Certificate Course*

*A Culinary Art Class Regd. with DIC, Vadodara (Govt. of Gujarat)*

D/601, Smruddhi Satvik, Behind Bansal Mall, Danteswar, Vadodara - 390004.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com

વડોદરાના કચ્છીઓનું
**સમાજ-દર્શન**
મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર

આખા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૭૯૨/- માં*

અડધા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૩૯૬/- માં*

પા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૧૯૮/- માં*

*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)

### ધંધાકીય

આપ કોઈપણ પ્રકારના અન્ય ધંધા કે દુકાન ધરાવતા હો કે કોઇ આઇટેમનું માર્કેટિંગ કરતા હો તો આપના ધંધાકીય વિકાસ માટે આપની જાહેરાત આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### જ્યોતિષ

આપ જ્યોતિષ, કુંડલી, ભવિષ્યવાણી જેવા વ્યવસાય સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### કુરીયર

આપ લોકલ, રાષ્ટ્રિય કે ઇન્ટર નેશનલ કુરીયર કંપની સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

**કચ્છ-અર્પણ**
કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક

Advt.Tariff for E Magazine
**'Kutch-Arpan'**
*(bimonthly e-magazine)*

| FULL PAGE | |
|---|---|
| 1 Month | 1 YEAR |
| 2,000 | 10,000 |

| HALF PAGE | |
|---|---|
| 1 Month | 1 YEAR |
| 1,000 | 5,000 |

| QTR. PAGE | |
|---|---|
| 1 Month | 1 YEAR |
| 500 | 2,500 |

DISPLAY AD
1 YEAR
1,000

વડોદરાના કચ્છીઓનું
**સમાજ-દર્શન**
એક મજાનું પખવાડિક
દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે

SPECIAL OFFER For Advt.
*(2 ISSUES PER MONTH)*
*(50% Off + Extra Discounts)*

| FULL PAGE (2000 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 10,000 | 18,000 |

| HALF PAGE (1000 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 5,000 | 9,500 |

| QTR. PAGE (500 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 2,500 | 4,500 |

| DISPLAY Ad (250 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 1,000 | 2,000 |

વાચક વર્ગ 10,000 + ઉપરાંત છે...જાહેરાતના ભાવ અન્ય કરતા સાવ ઓછા...
મેગેઝીનની ક્વોલિટી 4.6 + rated on E- survey
સુંદર સાત્વિક સાહિત્યનો ખજાનો... અમારા આ મેગેઝીનો...

## Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)

| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |

*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*

સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ

# અમ્પાયરીંગમાં ભીષ્મ પિતામહ ડીકી બર્ડ વેલ પ્લેયડ

લેખકઃ યશવંતભાઇ ચાડ, મુંબઇ (BCCIના ઑફિસીયલ સ્કોરર)



હેરોલ્ડ 'ડીકી બર્ડ' જેને આપણે ('સાર્જન્ટ ડિટેક્ટિવ ઓન ક્રિકેટ ફિલ્ડ) ક્રિકેટના મેદાન પર સાર્જન્ટ ડિટેક્ટીવની જેમ શું ટેસ્ટ મેચો કે પછી પ્રથમ કક્ષાની કાઉન્ટી મેચો કે પછી એક દિવસિય મર્યાદિત ઓવરોની મેચો તેઓ ગ્રાઉન્ડ ઉપર એવી રીતે સંચાલન કરતા કે વિશ્વના કોઇપણ ક્રિકેટર ડીકી બર્ડની શાખ કે ખ્યાતિ માત્રથી એક ડાહ્યા, શિસ્તબદ્ધ વિદ્યાર્થીની જેમ ક્રિકેટની રમત 'જેન્ટલમેન્સ્ ગેમ' એટલે કે સદગૃહસ્થોની જેમ મેદાન ઉપર વર્તતા અને આજકાલના ક્રિકેટરોની જેમ બડબડાટ કરવું કે ગુસ્સો દાખવવો એવું તો સ્વપ્નમાં પણ ન થાય એમ 'ડીકી બર્ડ'ની આણ મેદાન પર વર્તાતી એમ કહી શકાય.

આવા ડીકી બર્ડને મળવા હું અતિ ઉત્સુક હતો જ્યારે મને સૌ પ્રથમ વાર ઇશ્વર કૃપાએ ભારતીય ટીમના 'સ્કોરર' તરીકે ૧૯૭૯માં ઇંગ્લેન્ડનો પ્રવાસ ખેડવાની તક મળી.

ડીકી બર્ડ વિશે એટલું જ કહેવું ઉચિત્ત લેખાશે કે જેમ 'સચિન તેંડુલકર'ને ક્રિકેટના 'ગોડ' તરીકે હુલામણા નામથી બોલાવતા તેવી જ 'શાખ' ડીકી બર્ડની અમ્પાયરિંગ માટે હતી.

હવે ઇંગ્લેન્ડમાં એવી આગવી પ્રથા છે કે મેચ ટેસ્ટ મેચ હોય કે કાઉન્ટી ક્રિકેટની કે અન્ય કોઇ પ્રથમ કક્ષાની મેચ હોય, એ મેચ દરમિયાન મેચના નિમાયેલા બે સ્કોરરો અને બે અમ્પાયરો લંચ અને ટી ટાઇમના 'બ્રેક' સમય દરમ્યાન એ ચારે જણા સાથે બેસે ને મેચ દરમિયાન કોઈ સિગ્નલ કે રન કે વાઇડ, નો બોલ વગેરે અથવા કોઇપણ બાબતે સંશય હોય તો આ બ્રેક દરમિયાન એ વાતોનું સમાધાન થઇ જતું.

આથી ભારતથી નીકળ્યો ત્યારે ઇંગ્લેન્ડના મશહુર પૂર્વ ક્રિકેટરો જેવા કે પિટર મે, જીમ લેકર, ટીમ ગ્રેવની વગેરેને મળવા ઉપરાંત 'ડીકી'ને મળવાની તમન્ના હતી, જે લોર્ડસ્ ટેસ્ટમાં પૂરી થઇ.

હવે એ ૧૯૭૯ની ટેસ્ટ સિરીઝની વાત કરીએ તો તે વખતે કપિલ દેવની બોલીંગ જેમણે જોઇ હોય તો ખબર પડે કારણ કે આજના યુવાન ક્રિકેટરોને કપિલની બોલીંગ વિશે સમજાવવું થોડું મુશ્કેલ બને કારણ કે અદ્વિતીય કપિલ વિશે કોણ શું કહી શકે ?

કપિલ અતિ ઝડપી-ઉત્સાહી બોલર હતો અને જ્યોફ બોયકોટને બોલીંગ કરતી વખતે તે 'શાર્પ ઇનસ્વિંગર'થી બોયકોટને વારેઘડીએ બોલ પગમાં લાગવા માંડ્યો ને 'હાઉ વોઝ ધેટ' ના અવાજો વધવા લાગ્યા, ત્યારે ડીકી બર્ડ જે અમ્પાયર હતા એ ટચના મસ ન થાય ને બોયકોટને એલ.બી. ડબલ્યુ. ન આપે.

આમ વારે ઘડીએ થવાથી લોર્ડસ્ ગ્રાઉન્ડના ઇંગ્લેન્ડના સ્કોરર મને કહે, 'યશવંત, પ્લીઝ ટેલ યોર બોયસ્...' કહીને કહ્યું ડીકી બર્ડ એના ખાસ મિત્ર જ્યોફ બોયકોટને સીઝનમાં એક જ વખત એલ.બી.ડબલ્યુ. આપે છે એટલે વારે ઘડીએ એલ.બી. ડબલ્યુ. ની અપીલ કરી પોતાની એનર્જી-તાકાત વ્યર્થ ન કરે.

ટૂંકમાં બોયકોટ મિત્ર હતા એટલે નહીં પરંતુ ડીકી બર્ડ કોઇપણ બેસ્ટમેનને અને ખાસ કરીને ઓપનિંગ બેસ્ટમેનને એલ.બી. ડબલ્યુ. આપતા ખચકાતા કારણ કે પોતે એક ઓપનિંગ બેસ્ટમેન તરીકે યોર્કશાયર અને લેસસ્ટરશાયર વતી કાઉન્ટી ક્રિકેટ રમી ચૂક્યા હતા. જોકે ડીકી બર્ડ વખતે ત્રીજા ટીવી અમ્પાયર એટલે કે થર્ડ અમ્પાયર નહોતા અને મેદાન ઉપરના નિર્ણયો બદલી શકાતા નહોતા.

કપિલની અપિલો નાકામીયાબ નિવડી ત્યારે એટલે જરા ગભરાટથી ડીકી બર્ડ સાથે વાતચીત કરી તો તેમનો જવાબ બોલ ટપી પડ્યા બાદ વિકેટની ઉપરથી જતો અથવા લેગ સ્ટમ્પની બહાર હતો એવા બધા કારણો વાતચીતમાં જણાવતા.

ટૂંકમાં ડીકી બર્ડના અમ્પાયરિંગથી શું ગવાસ્કર કે શું વિવિયન રિચાર્ડ ખુશ હતા અને ખુશ કેમ ન થાય ! કારણ કે ડીકી બર્ડની અમ્પાયરિંગ ખરેખર તટસ્થ હતી તેઓ કોઇની પણ પ્રતિભાથી અંજાઇ ન જતા પછી તે લીલી હોય કે થોમ્પસન કે કપિલ હોય કે રિચાર્ડ હેડલી !

આવા ડીકી બર્ડનો બીજો કિસ્સો પણ જાણીએ. ઇંગ્લેન્ડની લગભગ બધી જ કાઉન્ટીઓના સ્કોરરો તેમના સિગ્નલ આપવાની પ્રથાથી નારાજ હતા. કારણકે ઘણી વખત તેઓ બહુ જ સમય લઇને સ્કોરર માટેનો હાથનો ઇશારો કરતા અને આ પ્રથાથી બધા નારાજ હતા

૧૯૭૯ માં પ્રવાસી ભારતીય ટીમની મેચ લેસ્ટરશાયર કાઉન્ટી વિરુદ્ધ લેસ્ટરમાં રમાતી હતી (જે મેદાન હવે 'સુનીલ ગવાસ્કર લેસ્ટરશાયર કાઉન્ટી ગ્રાઉન્ડ' તરીકે ઓળખાય છે) એ મેચની છેલ્લી ઓવર જોનથન એગન્યુ નામના ફાસ્ટ બોલરની હતી. (જે પાછળથી ઇંગ્લેન્ડનો ઓપનિંગ ટેસ્ટ બોલર બનેલ અને ત્યારબાદ બીબીસી ટેસ્ટ સ્પે.માં એક્સપર્ટ તરીકે પોતાના વિચારો દર્શાવે છે.)

હવે બન્યું એવું કે એગન્યુના છેલ્લા બોલને ચેતન ચૌહાણે પોતાની આગવી સ્ટાઇલથી થર્ડમેન બાઉન્ડ્રી ઉપર પહોંચાડી દીધો, પરંતુ અમ્પાયરે ન તો બાઉન્ડ્રીનો ઇશારો કર્યો કે ન તો લેગ બાયનો ! આથી લેસ્ટરશાયરના એટલે કે ઇંગ્લેન્ડના સ્કોરરે એને ડેડ બાલ ગણ્યો અને ચેતન ચૌહાણ ડેલિબ્રેટ પેડિંગ કર્યું છે એવી નોંધ થઇ. અમારો સ્કોરર બોક્સ 'મીડ વિકેટ' બાઉન્ડ્રીના બહાર હતો એટલે લેસ્ટરના સ્કોરરને આ શંકા હતી અને આમ બંને 'સ્કોરરો' વચ્ચે એકમતિ ન સાધાઇ અને 'એબસન્ટ માઇન્ડેડ પ્રોફેસર'ની જેમ ડીકીબર્ડ કશો જ ઇશારો કર્યા વગર પેવિલિયન તરફ પગલા માંડ્યા.

મને ખાતરી હતી કે ચેતન ચૌહાણે પોતાની આગવી સ્ટાઇલથી બોલને થર્ડમેનની દિશામાં ધકેલ્યો છે અને એ વાત મેં પેવેલિયનમાં જઇ અમ્પાયર ડીકી બર્ડને કરી અને છેલ્લા બોલે કોઇ ઇશારો કેમ ન કર્યો અને બાઉન્ડ્રી બાબતે પૂછ્યું તો ડીકી બર્ડે બહુ જ શાંતિથી કહ્યું, 'યશવંત ચેતન ચૌહાણે મિડલ ઑફ બેટથી ચોકો ફટકાર્યો છે એ દીવા જેવું સ્પષ્ટ છે એટલે એ ચાર રન ચેતન ચૌહાણના થશે.'

મેં કહ્યું, 'એ હકીકત બરાબર છે પણ લેસ્ટરશાયરનો સ્કોરર ચાર રન ચૌહાણના ખાતામાં લખવા તૈયાર નથી.

આથી ડીકી બર્ડે કહ્યું કે, 'હું લેસ્ટરના સ્કોરરને કહીશ.' પણ તેમ છતાં ભારતના સ્કોરમાં ચાર રન ન ઉમેરાયા એ વિશે મેં ટેસ્ટ એન્ડ કાઉન્ટી ક્રિકેટ બોર્ડને લખ્યું જેથી સિઝન પૂરી થયા પહેલા ચાર રનનો ઉમેરો ચૌહાણ તથા ભારતના ખાતામાં થયો.

આજ ડીકી બર્ડ 'માણસ માત્ર ભૂલને પાત્ર'ની જેમ શારજાહમાં મર્યાદિત ઓવરોની એક સ્પર્ધા દરમિયાન મેચમાં કંઇક ભૂલથી 'છ ના બદલે નવ બોલ'ની ઓવર આપી દીધી અને પછી ડીકી બર્ડને તેનો ખ્યાલ આવતા ખયાલ આવ્યો ત્યારે સત્તાવાર સ્કોરરોને પ્રથમ ત્રણ બોલની ગણના ન કરવાની સલાહ આપી.

હું એ વખતે સ્ટેડિયમમાં ઉપરની બાજુ કોમેન્ટ્રેટર બોક્સમાં હોવાથી મેદાન ઉપર જઇ ન શક્યો, નહીંતર નિયમ એવો છે કે 'નવ બોલની ઓવર' પણ 'ઓવર' જ કહેવાય. છ બોલની ઓવરની જેમ જે રનો થયા હોય એ બધા સત્તાવાર લેખાય અને એ ઓવર દરમિયાન વિકેટ જાય તો એ આઉટ પણ લખાય.

ડીકી બર્ડની વાતચીત દરમ્યાન એક વખત મેં એક પ્રશ્ન પૂછેલો કે, 'ઇંગ્લેન્ડ-ભારતની ટેસ્ટ મેચની પ્લેઇંગ કન્ડિશનમાં લખેલ છે કે એક ઓવરમાં બેથી વધુ અને બે ઓવરમાં મળીને કુલ ત્રણ બાઉન્સરથી વધારે બાઉન્સર નખાય તો એની ગણતરી 'નો બોલ'માં ગણાય તો ઇંગલિશ અમ્પાયરો 'નોબોલ' કેમ નથી આપતા ?

બાર્મિંગહમ ટેસ્ટ મેચમાં ઇંગ્લેન્ડના બોલર બોબ વિલિસે આપણા 'જીમી મોહીન્દર અમરનાથની સામે લાગલાગટ ત્રણ બાઉન્સરો નાખ્યા, જે મોહીન્દરે બાઉન્ડ્રી પર હુક દ્વારા ફટકાર્યા. આ વાત ટી-ટાઇમ દરમ્યાન વખતે મેં અમ્પાયર બોબ મેયરને કહી તો તે કહે કે,'તમારો બેસ્ટમેન મોહિન્દર હુક મારવામાં માહિર છે અને બાઉન્સરોને ફટકારતા એ આનંદ મેળવતો હતો.'

ત્યારે મેં વળતો પ્રશ્ન પૂછ્યો,'કે અમરનાથની જગ્યાએ બિશન બેદી બેટિંગ કરતો હોત તો !'

આ વાતથી ડીકીબર્ડ પણ સહમત થયા અને કહે કે,'હવે અમે બધા ટેસ્ટ મેચમાં પ્લેઇંગ કન્ડીશનનું યોગ્ય રીતે પાલન કરીશું.'

આમ ડીકી બર્ડે ખેલદીલી બતાવીને મારામાં પણ 'સ્કોરિંગ' કરતી વખતે અમ્પાયરો સામે વિચારોની આપલે અંગે આત્મવિશ્વાસ વધ્યો. આવા તો અનેક પ્રસંગો મારા ઇંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન થયા તે વળી ફરી ક્યારેક.

ડીકી બર્ડ વિશે તો ઘણું જ લખાયું છે આથી એટલું જ કહેવું બસ થશે કે ક્રિકેટમાં 'ભીષ્મ પિતામહ' સમાન મહારથી તરીકે તેમનો ઉલ્લેખ કરી શકાય એવા ડીકી બર્ડે હાલમાં ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના ૯૨ વર્ષની ઉંમરે વિદાય લીધી ત્યારે કહીએ કે 'ડીકી બર્ડ વેલ પ્લેયડ.'



## હાર્દિક શુભેચ્છાઓ સહ...

નરેન્દ્રભાઈ મોમાયા
M: 9879913377
કુસુમબેન મોમાયા
M: 9428693309

કેવલ મોમાયા
રશ્મીબેન મોમાયા
જિનય મોમાયા
પાર્શ્વી મોમાયા

કચ્છી ગૃહઉદ્યોગનાં ઘઉંના લોટમાંથી
હાથ બનાવટનાં શુદ્ધ, સાત્વિક,
ઉત્તમ ક્વોલીટીનાં ખાખરા

સાદા ખાખરા · જીરા ખાખરા · મેથી ખાખરા · ચટપટા ખાખરા

- સાદા ખાખરા
- શુધ્ધ ઘી ખાખરા
- જીરા ખાખરા
- મેથી ખાખરા
- ખીચડી ખાખરા
- ચટપટા ખાખરા
- ડાયેટ ખાખરા
- ચકરી
- ફરસી પુરી
- જાડી સેવ

F-15, Saraswati Nagar, KDO Nagar, Opp. Kalavati Hosp.,
Nr. Vimalnath Derasar, Warasiya Ring Road, Vadodara-6

## Kala Craft

Traditional & Creative Craft Collection





**Kala Craft**

5, B.N.Chambers, Opp. Welcome Hotel
R.C.Dutt Road, Alkapuri, Vadodara, Guj
Mobile: 9624018211



## V FOODS

Kutch Varities in Vadodara

To Get Latest Updates Click here & join the WA GROUP

કચ્છનો પારંપારિક સ્વાદ
સસ્તું નહીં, સાત્વિક ખાવ...

દર વખતે ફ્રેશ ખાવ !




BOOKING ONLY

વડોદરામાં ફ્રી ડીલીવરી મેળવો ઘેર બેઠા*

Navin Patel | D 601, Smrudhi Satvik, Near Darshnam Antica, Danteshwar Road, Vadodara 390004 | M: 9377124582 | ONLY VADODARA DELIVERY

*-subject to terms

## વડોદરાના કચ્છી સમાજોને
## રૂપારેલ પરિવાર તરફથી
## શુભકામનાઓ...

કમલેશભાઈ રૂપારેલ
જયભાઈ રૂપારેલ
ખુશ્બુ રૂપારેલ
હિત રૂપારેલ
તથા
સમગ્ર પરિવાર

કચ્છ કોઠારા– વડોદરા

વાગડમાં નોંધપાત્ર કામ કરી રહેલ સંશોધક લેખક મહાદેવ બારડની કલમની સાથે માણીએ...

# વાગડ વૈભવ

લેખક : મહાદેવ બારડ, મો: ૯૭૧૪૮૩૪૨૨૩

## જેસલ જાડેજા પરથી નામ પડ્યું: જેસડા



રામ મંદિર ચોક



રામ મંદિરની મૂર્તિઓ

રાપર તાલુકા મથકથી ૨૧ કિ.મી.ના અંતરે જેસડા ગામ આવેલ છે. રવેચી માતાજીએ મસાલીથી મૂળવાજી જાડેજાને જગાડીને રવની ગાદી આપી જેમાં રવ, ત્રંબો, જેસડા, ડાવરી ગામોનો સમાવેશ થાય છે. જેમાં મૂળવાજી જાડેજાના સૌથી મોટા પુત્ર કાયાજી જાડેજાને જેસડાની ગાદી મળી એટલે આશરે ૪૬૫ વર્ષ પહેલાં જેસડામાં જાડેજા પરિવારો આવ્યા જેમાં અત્યારે જીયાણી, વાઘાણી, ઓઠાણી, ગોરાણી, તિલાટના ત્રીજા ભાગીયા જાડેજા પરિવારો વસવાટ કરે છે.

જેસડાના ખ્યાતનામ ભજનિક કૈલાશપુરી ગૌસ્વામી જેસડા નામકરણ વિશે જણાવે છે કે જેસલ જાડેજા પરથી જેસલ શબ્દનું અપભ્રંશ થઈને ગામનું નામ જેસડા પડ્યું છે. એવું મનાય છે કે જેસલ જાડેજો તોરલની સંગાથે જ્યારે સુધરી ગયો ત્યારબાદનું જીવન તેણે અહીં વિતાવ્યું હતું. વાગડની આઇ રવેચી માતાજીએ કોલ આપેલો કે સાંજના સૂર્યાસ્ત પછી આ ચાર ગામમાં શિયાળું પવન નહિ ફરકે એટલે આજે પણ જેસડામાં રાત્રે પવન ફૂંકાતો નથી તેને ચમત્કાર જ ગણી શકાય. જેસડા ગામને સ્થાનિક લોકો રવ જેસડા એમ બન્ને ગામને સંયુક્ત રીતે બોલતા જોવા મળે છે.

જેસડામાં જાડેજા દરબારો, ગૌસ્વામી બાવાજી, રબારી, કોલી ઠાકોર, સાધુરામ વગેરે જ્ઞાતિઓ વસવાટ કરે છે. એક સમયે અહીં લોહાણા, જૈન, ઓસવાલ, દરજી, સુથાર, લુહાર, વાળંદ, હજામ, ઘાંચી વગેરે જ્ઞાતિઓ પણ વસવાટ કરતી હતી. જેસડામાં રામ મંદિર, કાશી વિશ્વનાથ શિવ મંદિર, પાબુદાદા મંદિર, જૂનું શિવ મંદિર, ખેતરપાળ દાદા, સંતશ્રી લાધાજી દાદા, અંબાજી મંદિર, સેલાહરા દાદા, વચ્છરાજ દાદા, રામ ઝરૂખો, રામદેવપીર મંદિર, નંદલશાપીર, દુલેરાય કારાણીએ કચ્છ કલાધરમાં લખ્યું તે જેસડાના 'કાથડજી જાડેજા લીરના લાડા' જેમણે બહારવટું ખેલ્યું હતું તેમનો પાળિયો તેમજ તેમના કાકા સાદૂરસિંહ દાદાનો પાળિયો, કાકુભા જાડેજા ગાયો વારે ચડ્યા તેમનો પાળિયો, હરસિંહ સુરાપુરા દાદા, ઠક્કર પરિવારનું શિવ મંદિર જ્યાં પ્રાચીન મૂર્તિઓ આવેલી છે.

અહીં આવેલ પરમેશ્વર દાદા મંદિરે અષાઢીના વરસાદના મુહર્ત જોવામાં આવે છે. લાધાજી દાદાના મંદિરે દર અંધારી અગિયારસે સંતવાણીનું આયોજન કરવામાં આવે છે. શિવ મંદિરે દર અમાસે સંતવાણીનું આયોજન કરવામાં આવે છે. જેસડા ગામની બાજુમાં અલખધાર આવેલી છે. જેસડાને સંતવાણીનો ટેકરો કહેવામાં આવે છે, જ્યાં લાધાજી દાદા, સવાજી બાપુ, દયાનંદ ચત્રભુજ નાકર, જીલુભા ભગત બાપુ, રવુભા ભગત, વર્તમાનમાં કૈલાશપૂરી ગૌસ્વામી ભજનિક જેઓ વર્ષોથી વાયક હોય ત્યાં જઇને ગુજરાતભરમાં ભજન કરવા જાય છે. જેસડાના શિવુભા ઉમેદસંગ જાડેજા સંતપ્રેમી આત્મા થઇ ગયા જેમણે સાધુ મહાત્માઓ માટે તેમની ભેણી પર ધુણો બનાવ્યો હતો.


જેસડામાં દરબારવાસ, રબારીવાસ, લોહવાસ, દૈયાવાસ વગેરે વાસ આવેલ છે તથા વિવિધ વાંઢ પણ છે. અહીં ગામમાં હાજાસરી ને સીમમાં રતડીયું, નોઘાસરી, લોણાસર વગેરે તળાવો છે. જેસડાની બાજુમાં અલખધાર આવેલી છે. જેસડાના સંત લાધાજી દાદાની માનતા રાખવાથી દાઢ મટી જાય છે.

ગામને નર્મદાની કેનાલનો લાભ મળ્યો છે જેથી અહીં ખેતી મબલખ થાય છે. જેસડાના મોંઘીબાએ સૌ પ્રથમ રામઝરૂખો સ્થાપ્યો જે હાલમાં જીર્ણ અવસ્થામાં છે. અહીંના સવાજી દાદા કાશી વિશ્વનાથ મંદિરની સામે આવેલ લીમડામાંથી ચમત્કાર દ્વારા બાળકોને પતાશા કાઢી આપતા.

જેસડાની બાજુમાં રવેચી જાગીરના પેટામાં આવેલું ઉખેડેશ્વર (અંકલેશ્વર) પ્રાચીન ધામ આવેલું છે, જ્યાં પિતૃ-તર્પણ વિધિ થાય છે. જેસડા ગામના પાદરમાં ૧૫૦ વર્ષ જૂની પૈયાવો નામની મીઠા પાણીની વાવ આવેલી છે.

જેસડાના શિવુભા જાડેજા અને રાપર પંચાયત પ્રમુખશ્રી પેથાજી ખોડના પ્રયત્નોથી ૧૦૦ વારના પ્લોટ મંજૂર કરાવી ૧ કિ.મી. દૂર નવા જેસડાની સ્થાપના કરેલ. ૨૦૦૧ના ધરતીકંપ બાદ નવા મકાનો બનતા ગામનું નામ શિવનગર થયું છે. જેસડા ગામની વસ્તી ૧૦૪૦ હોવા છતાં ગામમાં પેટા આરોગ્ય કેન્દ્ર નથી તેથી રાત્રિના સમયે સુવઇ કે રાપર સુધી જવું પડે છે.

માહિતી: અદુભા જાડેજા, ગેલુભા જાડેજા, કૈલાશપૂરી ગૌસ્વામી, બળદેવસિંહ જાડેજા, મોહિતસિંહ જાડેજા.



કાશી વિશ્વનાથ મંદિર





જાડેજા વંશાવલિ

## ફોટો બોલે છે... ૩૧

Photo & Story by
Satish Shanischara, Mandvi.
M: 9925169693



બાળપણની મસ્તીનો આ અદ્ભૂત નજારો છે, જ્યાં ખુશીઓ હસતી દેખાય છે.

ઝાડની ડાળીએ બાંધેલા હિંચકા પર બેસીને બે મિત્રો ખેલનો આનંદ માણી રહ્યા છે.

એક બાળક હિંચકા પર ઊંચે જઈ રહ્યો છે, જ્યારે બીજો મિત્ર તેને જોરથી ધક્કો મારી રહ્યો છે.

માટીના ગોળ વાસણો અને આસપાસનું ગામઠી વાતાવરણ સાદગી અને નિર્દોષતાની કહાણી કહે છે.

આ એક એવી સુંદર પળ છે જે બાળપણની મીઠી યાદોને તાજી કરી દે છે.

કચ્છી લોકસાહિત્યની કથાઃ ૨૨

ગતાંકથી આગળ...

# સુમરીઓ

લેખક – સ્વામી સચ્ચીદાનંદના પુસ્તક 'કચ્છી કથાઓ'માંથી સાભાર

સુમરીઓને જોઇને તેનું મન કકળી ઊઠ્યું. પણ શું થાય ? આવી તાજી કુમળી કળી જેવી કુંવરીઓને કસાઇવાડે જતી અટકાવવા તે તૈયાર હતો, પણ તેની ક્ષમતા ક્યાં હતી ? તેણે બધાંની ખાતર-બરદાસ કરીને પોતાની અશક્તિ બતાવી વિદાય કર્યાં, પણ વચન આપ્યું કે તે બાદશાહની ફોજને એક પ્રહર રોકી રાખશે. ત્યાં સુધી તમે બધાં અબડા અડભંગ પાસે પહોંચી જાઓ.

ભાગ સુમરો અને પેથો ચૌહાણ અહીંથી સુમરીઓને લઇને જૂણેચા અબડાને ત્યાં પહોંચ્યા. જૂણેચાએ પણ શરણ આપવાની અશક્તિ બતાવી. નિરાશ થઇને પેથો અને ભાગ બંને સુમરીઓને લઇને નોત ગામે પહોંચ્યા. અહીંના મોડ નોતિયારે પણ અશક્તિ બતાવી, પણ બને તેટલી ઘડી બાદશાહની ફોજને રોકી રાખવાનું વચન આપી બધાંને વિદાય કર્યાં. મોડ નોતિયાર હવે લગ્નમાં વરરાજા થઇને જવાનો હતો તેને બદલે યુદ્ધની તૈયારી કરવા લાગ્યો.

સુમરીઓ હવે જુંભેર કુંભારેન ત્યાં આવી. જુંભેર કુંભાર હોવા છતાં જાગીરદાર હતો. તેણે બધાનું સ્વાગત કરીને બન્ની તરફ વિદાય કર્યાં. આટલો સમય દોડદોડ કરવાથી હારીને, થાકીને, માંદી પડીને સાત સુમર કુંવરીઓ રણમાં જ મૃત્યુ પામી ગઇ.

હવે બધાં રોહાના ડુંગર પાસે પહોંચી ગયાં. બસ હવે એક ડગલું પણ ચાલી શકાય તેમ ન હતું. થાકની મારી બધી સુમરીઓ ડુંગર ઉપર ઢળી પડી. ભાગ સુમરો એકલો ચાલીને જામ અબડા અબડાણીને પૂરી માહિતી આપવા વડસર ગયો.

જામ અબડાએ તરત જ સુમરીઓ માટે ૧૬૦ ગાડાં જોડાવી વિદાય કર્યાં, જેથી તેમાં બેસીને આવી શકાય. ડુંગર ઉપર લોથપોથ થઇને બેઠેલી સુમરીઓએ ગાડાનો મોટો કાફલો આવતો જોઇને વિચાર્યું કે આ બાદશાહની ફોજ આવી રહી છે. હવે બચવું મુશ્કેલ છે. શિયળના ભોગે શરીર બચાવનારી સ્ત્રીઓ ભય ઊભો થતાં જ સમર્પિત થઇ જતી હોય છે. પણ શિયળને જ સર્વસ્વ માનનારી સ્ત્રીઓ શરીરાન્તે પણ સમર્પિત થતી નથી. તરત જ પાંચ સુમરીઓએ પ્રાણ છોડી દીધા.

ગાડાં આવ્યા ત્યારે ખરી વાત જાણવા મળી. બચેલી બધી સુમરીઓ ગાડામાં બેસીને જામ અબડાને ત્યાં પહોંચી ગઇ. જામ અબડાએ સૌને શરણ આપ્યું. અબડાની માતા સોહાગદે ચાવડી રાણીએ પુત્રના પરાક્રમ માટે પીઠ થપથપાવીઃ ‘તેં મારી કૂખ ઉજાળી બેટા !’ ખરી રજપૂતાણી માતા હોય કે પત્ની હોય, પુત્રને કાયર બનાવીને પંપાળે નહીં, પણ વીર બનાવીને ધીંગાણે ધકેલે.

મારમાર કરતું બાદશાહનું સૈન્ય આવી રહ્યું છે. તેને જામ આરી કહેરે રોક્યું. તે શહીદ થયો. પછી અબડો જુણેચો કામ આવ્યો. તે પછી માંડ નોતિયાર સામો થયો અને છેવટે જુભેર કુંભાર યુદ્ધ કરતાં મરાયો. આમ, અનેક લોકોએ સુમરીઓને બચાવવા પોતાના પ્રાણ ન્યોછાવર કરી દીધા, પણ અંતે સૌને હરાવીને, કત્લેઆમ કરીને બાદશાહનું લશ્કર આગળ વધ્યું અને જામ અબડાના પાદરે આવી પહોંચ્યું.

જામ અબડા અને બાદશાહની સેના વચ્ચે એકવીશ દિવસ ભયંકર યુદ્ધ ચાલ્યું, પણ અબડાએ જરાય નમતું ન આપ્યું. બાદશાહના સરદાર મહમ્મદશાહને અબડા માટે માન થયું. તેણે બાદશાહને યુદ્ધ બંધ કરવા સમજાવ્યો, પણ બાદશાહ માન્યો નહીં. અંતે એકવીસમા દિવસે જામ અબડો, સરદાર મહમ્મદશાહ, વગેરે અનેક લોકો વીરગતિને પામ્યા.

જામ અબડાની વીરગતિ થયાના સમાચાર જાણીને બધી સુમરીઓ શિયળરક્ષણ માટે ભાગવા મંડી. લશ્કર પાછળ પડ્યું. અંતે બધી સુમરીઓ જમીનમાં સમાઇ ગઇ. બાદશાહ હાથ ઘસતો રહી ગયો. આ જ અલાઉદ્દીન ચિતોડની પદમણી પાછળ પડ્યો હતો. ત્યાં પણ રાજપૂતાણીઓએ જૌહર કરીને તેને હાથ ઘસતો કરી દીધો હતો. આ જ કામાંધ બાદશાહ બીજી વાર સુમરીઓ પાછળ પડ્યો, તો સુમરીઓએ ભૂમિજૌહર કરીને તેને હાથ ઘસતો કરી દીધો.

આખું કચ્છ આ સુમરીઓને વંદન કરે છે. ધન્ય છે સુમરીઓને, જેમણે શિયળ બચાવવા કેટકેટલું સહન કરી જીવન ન્યોછાવર કરી દીધું !

જામ અબડાનું સ્થાનક આજે પણ વડસર નદીના કિનારે છે. અહીં મોટો મેળો ભરાય છે. જાડેજાઓ પ્રતિવર્ષ પોતાના પૂર્વજોને કસુંબો ચઢાવે છે. ધન્ય છે જામ અબડાને, સુમરીઓને અને તેમના રક્ષકોને અને ધિક્કાર છે બદલો લેવા માટે બાદશાહની ફોજને લઇ આવનાર ચનેસરને અને બાદશાહ ને !



વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન ને
નિયમિત રૂપે
આપના મોબાઈલ
પર મેળવવા ...
અહીં ક્લિક કરો


બે અછાંદશ કચ્છી કવિતા

## હું

ઓતરાખંઢ મિંજા
ઉડીને ઉતરેલેં
હંજડ઼ેજે ટંગેં મિંજા
કેડ઼ી ખબર કિતરા વાંચડ઼ીઆ
વટાણા હુંધા?
તડેં તાં
તેંજિયું ટંગું રતિયું થઇ વિઇયું અઇં !
ને ઈનીંજી લમી લમી સફરમેં
કેડ઼ી ખબર કિતરી વેરા
સિંજા ટાણે
ઉતરાણ કેઓં હુનોં
તડેં જ
તેંજે ધોરેં પખેંમેં ગુલાભી ધાબા
ડિસજેંતા,
સે સિંજાએંજે રંગજિયું છેવડું લગિયું અઇં
નેં ખારેં પાણીએંમેં ચુંજું ઇતરિયું મિડ઼ે
હયોં અયોં જે ચુંજેંજિયું અણિયું જ
કારિયું થઇ વિઇયું અઇં !
ને પોય મું ઈનીંજી પીડ઼ી ચુંચી અખ મિંજા
ન્યાર્યો, તાં ડિસાણું
સુકો ભઠ વેરાણ રણ !!

કવિ તેજપાલ ધારશી 'તેજ'ના પુસ્તક 'વિરાંઢ'માંથી

## માલકજી મરજી

જુકો હલે જીં
તેંકે હલાઈજે તીં

વા વરે પુઠ ડીજે ઇં
કેંકે પ ન ચોંણૂ કીં

જીંધગીજો મિલ્યો લાવો
મસ્ત રિઈ ને જી

મિડ઼ે આય માલકજી મરજી
તૂં મોજમેં જીંયણ જી

અંતે ખાખમેં ખપી વિનબો
ખણી નાંય વિનણૂં કીં

– પ્રતાપ નેત્રા, મોઃ ૯૪૨૭૭ ૬૦૪૧૦

કચ્છી લોકસાહિત્ય : 'પિરૂલી': ૪૦

# ધિલમેં હિક્ડી ધાણ, કીં સંભારીંધી રામકે,
# દિલમાં સતત સ્મરણ કેમ કરશે રામનું.

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન' મો: 8320313731

મધ્યકાલીન સંતો, ભક્તો અને કવિઓની રચનાઓ કંઠ્યપરંપરામાં જળવાતી આવી છે. વૈષ્ણવ પદો, ધોળ, કીર્તન, ભજનો, પ્રભાતિયા વગેરે મૌખિક પરંપરાઓમાં ગવાતા. તેમની વચ્ચે ભાવ, ભાષા અને એના સ્વરૂપનો મૂળભૂત ભેદ ક્યાંક ક્યાંક લેખિત સ્વરૂપે કે ઉચ્ચારિત સ્વરૂપે બદલાઈ ગયેલો જણાય છે.

લગભગ બધાં આવી ગયાં હતાં. વાલાએ કોઇપણ પૂર્વભૂમિકા વગર કહ્યું, 'પહેલા પતિ-પત્ની એકબીજાનું નામ ન લેવામાં માનતા હતાં જેની પાછળ એક સ્નેહ ને લાગણીની ભાવના હતી. અને આજે તો પતિ-પત્ની એક બીજાનું નામ લઇ બોલાવવામાં ગર્વ અનુભવે છે.' એટલું કહી સામત ચૂપ રહી ગયો.

આ વાતના મૂળને પકડતાં અભેસંગે કહ્યું કે સુણો:

નર [૧]નં નારીજો [૨]ગ઼િને, નારી ગ઼િને નં નર નાં,
નં ભેરા નં [૩]ધાર [૪]ઐં, નં [૫]વિઞે [૬]વાં [૭]પાં.
નં [૮]સોં [૯]કેં [૧૦]ડિના [૧૧]ઐં, [૧૨]નાયં [૧૩]એડ઼ો [૧૪]કો પ્રમાણ
ધિલમેં [૧૫]હિકડ઼ીધાણ, [૧૬]કીં [૧૭]સંભારીંધી રામકે ?

[૧]ના, [૨]લે/લેવું, [૩]અલગ, [૪]છે, [૫]જાય, [૬]આગળ, [૭]પાછળ, [૮]સોગંદ, [૯]કોઈએ, [૧૦]આપ્યા, [૧૧]છે, [૧૨]નથી, [૧૩]એવો, [૧૪]કોઈ, [૧૫]સતત(સ્મારણ), [૧૬]કેમ, [૧૭]યાદ કરે.

આજે પ્રથમ વખત જ અભેસંગે પિરૂલી સંભળાવી એટલે સહુ બહુ ખૂશ થયાં. આમ તો પિરૂલી પરની વિસ્તૃત ચર્ચા અને માહિતી તે જ આપતા. પિરૂલી પૂરી થઇ એટલે મનોમન બધા સમજી તો ગયાં કે સંસ્કાર પર આધારિત છે.

અભેસંગે જ આ વાતની ફોડ પાડતાં કહ્યું કે, 'આજે પતિ પત્ની એકબીજાનું નામ લેવામાં ભલે ગર્વ અનુભવતાં હોય, પણ ક્યારેક પતિ પત્ની એકબીજાનું નામ ન લેવામાં માનતાં હતાં અને ગર્વ પણ અનુભવતા. આ બાબતની મર્યાદા પણ ગજબની હતી. પતિ કે પત્નીને એકબીજાને નામ લઇ બોલાવે કે તેમાં બીજાને શું વાંધો હોઇ શકે? અને તેથી કંઇ તમે સુધરેલા છો એવું સાબિત પણ થતું નથી. પણ ! નામ ન લેવા પાછળ જે ભાવનાઓ-લાગણીઓ હતી. એમનો ભાવ 'નામ તેનો નાશ'નો હતો. એટલે પતિ-પત્ની એકબીજાનું નામ ન લેવામાં માનતા હતા.'

આ વાત સંસ્કૃતિનો પાયો હતી, પતિ કે પત્ની એક બીજાનું નામ લઇ એક બીજાનો નાશ ન થાય તેમ ઇચ્છતા. આ સંસ્કૃતિ હતી, આ પ્રથા નહોતી. સમગ્ર હિન્દુસ્તાનમાં આ વિચારધારા બધાને લાગુ પડતી. તો ! પત્ની ને પતિ એકબીજાને બોલાવે કેવી રીતે ?

આ માટે ભાષામાં ઘણાં શબ્દોનો ઉપયોગ થતો. દરેક ભાષામાં હોય છે એમ કચ્છીભાષામાં 'ઇ કિડાં વ્યા' એવો શબ્દપ્રયોગ થતો. સાંભળનાર તુરંત સમજી જતો કે પત્ની પતિનું પુછે છે. એમ પતિ પણ પત્ની માટે 'ઇ કિડાં વિઇ ?' એવો શબ્દ પ્રયોગ કરતો. આ 'ઇ' ની જેમ પતિ પત્ની એકબીજા માટે 'પિંઢ' શબ્દનો ઉપયોગ કરતા. 'પિંઢ કિડાં વિઇ' કે 'પિંઢ કિડાં વ્યા?'. આ શબ્દોમાં પોતિકાપણું હતું, એક બીજા પ્રત્યેની લાગણીઓ અને ભાવનાઓનું પ્રમાણ હતું.

ક્યારેક ક્યારેક પતિ પત્ની એકબીજાને સંબોધવા સંબંધોને વચ્ચે રાખી એ ભાવનાને ટકાવી રાખતા. પણ ! પશ્ચિમ તરફની હવાએ તેનો છેદ ઉડાડી દીધો. 'તોજા ભા', 'આંજા કાકા', 'તોજી કાકી', 'આંજા પુતર', 'તોજા અધા' આમ કહી સંબંધોને પણ જીવંત રાખવાનું એક પ્રમાણ હતું.

રામાયણમાં તુલસીદાસજીએ એક પ્રસંગને બહુ રોમાંચિત રીતે વર્ણવ્યો છે. રામ, સીતા અને લક્ષ્મણ વનવાસી તરીકે એક ઝાડ નીચે વિસામો લેવા બેઠા ત્યારે ગ્રામ્યપ્રજા તેમનાં દર્શન કરવા આવી છે. સ્ત્રી સમૂહમાંથી સીતાજીને સવાલ થાય છે કે 'લૂનૂસ્રંઈ ઇંવવળ્ઇં ળજ્ઞ અળવિ ટૂબ્વળફજ્ઞ ?' આ તમારા કોણ છે ? ત્યારે લક્ષ્મણ તરફ ઇશારો કરી સીતાજીએ જવાબ આપે છે: 'ણળન બઈણૂ બઊૈં ડ્જ્ઞમફ નળજ્ઞફજ્ઞ।' આ મારા નાના દિયર લક્ષ્મણ છે અને રામ તરફ આંખથી ઇશારો કરતાં કહે છે: 'સ્રણઘ ક્ષસ્રટ ઇંવજ્ઞઈ સ્રટધ્વસ્રવ સ્રલપૈં લપણસ્રણ।' સીતાજીએ સાનમાં સમજાવ્યું કે તે તેમના મોટાભાઇ એટલે કે મારા પતિ છે.'

'ક્યારેક ક્યારેક પુરૂષ બાંધછોડ કરતો પણ સ્ત્રીઓમાં આ વાત એટલી હદે દઢ હતી કે પતિના નામના સમાન ઉચ્ચારકે તે વસ્તુના કે શબ્દના ઉચ્ચારને પણ તે સ્વીકારતી નહિ. અમારા ઘેર એક રબારીબેન દૂધ આપવા આવતા. એ દૂરથી મારી પત્નીને બોલાવવા માટે એ... અભારી (અભેસંગની) વહુ.. એમ રાડ પાડતાં. મેં તેમને ઘણીવાર કહેલું કે,'તેનું નામ કલાવતી છે.' એ મીઠું હસી કહેતાં 'મુને ખબર છે, પણ ઇમાં તારા ભાઇનું નામ આવે !' તેમના પતિનું નામ 'કરણો' હતું. બીજા એક આહિરબહેન કુટુંબીજનોની જેમ ઘેર આવતા જતાં, તે 'ઉંબર' નેં 'ચાંઠ' કે 'બુંભ' કહેતાં કારણ કે તેમના પતિનું નામ 'ઉમરો આહિર' હતું.'

'અને હવે તો 'નેર પપ્પા આયા... નેર પપ્પા આયા...' એના પણ પપ્પા અને પેલીનાય પપ્પા !'

જી... જમાનાને, બીજું શું ? નામ જેઓ નહોતાં લેતાં તેમનો પણ નાશ થયો ને જે નામ લે છે તેમનો પણ નાશ નિશ્ચિત છે પણ ! આ લાગણીઓ, ભાવનાઓ અને ભારતીય સંસ્કૃતિ પર માટી વળી ગઇ.

ઉપરોક્ત પિરૂલી આ વાતનો નિર્દેશન કરે છે પણ છેલ્લી પંક્તિમાં લોકકવિ પ્રશ્ન કરે છે કે, 'જે સ્ત્રીના પતિનું નામ 'રામ' કે 'રામજી' છે તે ભગવાન રામનું કેમ સ્મરણ કરશે ?' ઉભ્યાર્થમાં આ પંક્તિ લાજવાબ પ્રયોજાણી છે.

દેવગર બાવાજીએ આરતી વગાડવા આવનારાઓની ઘણી રાહ જોઇ પણ આજે કોઇપણ ઓટલા પરથી ઊઠ્યું નહીં એટલે એમણે સંધ્યાઆરતી ચાલુ કરી અને શરમના માર્યા બધા ઊઠીને આરતીમાં જોડાયા.

પુસ્તક 'પિરૂલી પ્રધાનજી-૨'માંથી સાભાર

## કચ્છી મુક્તક

કવિ-'તેજ'

કવિના પુસ્તક 'તેજ જો અવાજ -૧' માંથી

ભુછડ઼ેસેં ભગવાન છાલ
કરાય મ ભેટો,
'તેજ' ખીર થીએ ખટો
છંઢે હિકડ઼ે છાય સેં !

કચ્છી ચોવક - ૩૮

અરવીંદ રાજગોર (મો: ૯૯૮૭૯૬૫૭૯૮)



## ચુપાચુપ અચીજ,
## ત ચેં ઉઠ તેં ચડ઼ી અચીંધોસ.

અજ ડાડાજી કે પુતરા પુછ્યોં ડાડાજી અંઈ ચુપાચુપ અચે જી કીં ક ગાલ ચ્યાં તે સે કુરો ગાલ વી?
ડાડાજી ચ્યોં ઘણેં એડ઼ા માડુ વેં ઇની વટા ખાસ કમ વે ત કડેં પણ નં કરાઈજે ઇનજી હી ગાલ આય.
હિકડ઼ે ગામ મેં બ ભા રોંધા હૂવા હિકીયાર વડે ભા કે ખાસ જરૂરી કમ અચી પ્યો ઈ કમ ગુપત રખે ને કરે જો વો ઇન ભા કે કમ ચિંધેં નેં ચેં ચુપાચુપ અચીજ ભલા કેં કે પણ ખબર નં પઈ ખપે ત ઈ ભા ત બૉરો ડેઢ વો ઈ ચેં આંઊં ત ઉઠ તેં ચડ઼ી અચીંધોસ.
એડ઼ો માડુ કુરો કમ કરે?
એડ઼ા માડુ વેં ઇનીકે ચૉ હિકડ઼ો નેં કરીં બ્યો. એડ઼ા જુકો વેં ઇનીલા ઇન ચૉવક જો ઉપજોગ થીએતો "ચુપાચુપ અચીજ, ત ચેં ઉઠ તેં ચડ઼ી અચીંધોસ".

અજ જી ચોવક - ૪૦

## માન પિંઢજે હથ મેં આય

:: ભાવાર્થ ::

**કોઇને માન આપીએ, પ્રેમભાવથી બોલાવીએ તો સામે પણ પ્રેમ પામીએ.**

:: શબ્દાર્થ ::

માન - માન (સ્વમાન)
પિંઢજે - પોતાના

-: સંકલન :-

ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી

અજ જી ચોવક - ૪૦
ડૉ. વિસન નાગડા
(મો: ૯૮૨૦૪૫૬૮૯૯)

## શું તમે જાણો છો ?

# ભારતે જીતેલો પ્રથમ ઓલિમ્પિક મેડલ




શું તમે જાણો છો કે ૧૨૫ વર્ષ પહેલાં ૧૯૦૦ના પેરિસ સમર ઓલિમ્પિક્સમાં મેડલ જીતનારા નોર્મન પ્રીચાર્ડને ભારત અને બ્રિટન બંનેએ પોતાનો રાષ્ટ્રીય ખેલાડી ગણાવતા ભારતના પ્રથમ બે ઓલિમ્પિક મેડલ વિવાદમાં ફસાઈ ગયા હતા.

પ્રિચાર્ડનો જન્મ જૂન ૧૮૭૫માં કલકત્તામાં જ્યોર્જ પીટરસન અને હેલેન મેનાર્ડ પ્રીચાર્ડને ત્યાં થયો હતો જેઓ અલીપોરમાં રહેતા હતા. નોર્મન કલકત્તામાં પાર્ક સ્ટ્રીટની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ભણ્યા પછી શહેરની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી સ્નાતક થયા. સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના મેગેઝિને પ્રીચાર્ડને ત્યાંના વિદ્યાર્થી તરીકે ઓળખાવ્યા છે.

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC) અનુસાર તેઓ 'વિવાદાસ્પદ' ઓલિમ્પિયન બન્યા કારણ કે બ્રિટન અને ભારત બંને દ્વારા તેમને ૧૯૦૦ના ઓલિમ્પિક માટે દાવો કરવામાં આવ્યો. આનું કારણ ૨૦૦૦માં છે કે બ્રિટિશ ઓલિમ્પિક ઇતિહાસકાર ઇયાન બુકાને કહ્યું કે, '૨૦૦ મીટર દોડ તથા હર્ડલ્સમાં જીતેલા મેડલ ગ્રેટ બ્રિટનને નામે થવા જોઇએ.'

બન્યું એવું કે નોર્મન પ્રિચાર્ડે બ્રિટિશ એમેચ્યોર એથ્લેટિક એસોસિએશન (AAA) ચેમ્પિયનશિપમાં ભાગ લીધો જેમાં તેમણે લંડન AC અને બંગાળ પ્રેસિડેન્સી AC ના સભ્ય તરીકે પ્રવેશ લીધો અને IOC ના મૂંઝવણમાં વધારો થયો. તે સમયે રમતવીરોને રમતો માટે સ્વતંત્ર રીતે નોંધણી કરાવવાની મંજૂરી આપવામાં આવતી હતી. ૧૯૦૦ ઓલિમ્પિક ગેમ્સમાં પ્રીચાર્ડે ૨૦૦ મીટર અને ૨૦૦ મીટર હર્ડલ્સમાં બે સિલ્વર મેડલ જીત્યા. તે ફક્ત ભારતના પ્રથમ ઓલિમ્પિક મેડલ વિજેતા નહીં પણ એશિયાના પણ પ્રથમ હતા.

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC) એ નોર્મન પ્રીચાર્ડને ભારતીય તરીકે લિસ્ટીંગ કર્યા. યુ.કે. સ્થિત 'ધ ફિલ્ડ' મેગેઝિન તેમને 'ભારતીય ચેમ્પિયન' તરીકે ઉલ્લેખ કરે છે તો ઇ.સ. ૧૯૧૭માં ધ ન્યૂયોર્ક ટાઇમ્સે તેમને 'ઇંગ્લિશમેન' તરીકે ઓળખાવ્યા હતા. બ્રિટિશ સ્પોર્ટ્સ ટેબ્લોઇડ ધ સને નોંધ્યું છે કે નોર્મનને ૧૯૦૦માં 'પેરિસ ખાતે તમામ રાષ્ટ્રોના ખેલાડીઓના શ્રેષ્ઠ શરીર માટે કાંસ્ય પ્રતિમા' પણ આપવામાં આવી હતી.

'ઓલિમ્પિક્સ - ધ ઇન્ડિયા સ્ટોરી' પુસ્તકના લેખકો બોરિયા મજુમદાર ને નલિન મહેતા તેમના પુસ્તકમાં જણાવે છે કે, 'નોર્મન પ્રીચાર્ડ દ્વારા ૧૮૯૪-૧૯૦૦ સુધી બંગાળ પ્રાંત ૧૦૦-યાર્ડ્સનો ખિતાબ સતત જીતાયો હતો. તેઓ પેરિસ ઓલિમ્પિકમાં ગયા ત્યારે તેમને ઇંગ્લેન્ડ અથવા બ્રિટિશ ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ રીતે સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા.'

પ્રિચાર્ડે ૧૮.૨.૧૮૯૯ના રોજ કલકત્તામાં ઘાસ પર તેમની ૧૦૦-યાર્ડ દોડ ૯.૮ સેકન્ડમાં પૂરી કરી વિશ્વ રેકોર્ડની બરાબરી કરી, જે ભારત માટે આજે પણ એક નોંધપાત્ર સિદ્ધિ છે.

વરિષ્ઠ પત્રકાર ગુલુ એઝેકીલે નોર્મન પ્રીચાર્ડના ભારતીય મૂળ હોવા પર સંશોધન કરવામાં વર્ષો વિતાવ્યા. તેઓ જણાવે છે કે, 'તે ભારતીય જ હતા. પેરિસ ગેમ્સની સિદ્ધિ બાદ પ્રીચાર્ડને ૨૫.૨.૧૯૦૫ના સોવા બજાર ક્લબ ગ્રાઉન્ડ પર ભારતીય ફૂટબોલ એસો. દ્વારા ઓફિસીયલ વિદાય આપવામાં આવી હતી. તેઓ બ્રિટન સહિત યુરોપમાં ઘણી વખત એથ્લેટિક સ્પર્ધાઓમાં ભાગ લેવા તેમજ વેકેશન ગાળવા જતા પણ તેઓ ક્યારેય ઇંગ્લેન્ડમાં એટલો સમય રહ્યા નથી કે તેમને બ્રિટીશ રાષ્ટ્રીયતા આપી શકાય.'

વધુમાં ગુલુ એઝેકીલ નોર્મન પ્રીચાર્ડને ઓલિમ્પિક મેડલ જીતનાર પ્રથમ ભારતીય તરીકે ઓળખવા માટે આગ્રહ રાખે છે. તેઓ જણાવે છે કે 'સ્થાનિક રેકોર્ડ દર્શાવે છે કે નોર્મન ૧૯૦૫ સુધી કલકત્તામાં બર્ડ એન્ડ કંપની નામક કંપનીમાં હતા. પછી તેમના પિતાના શણના વેપારમાં જોડાવા માટે ઇંગ્લેન્ડ ગયા હતા.'

નોર્મન પ્રીચાર્ડ ફૂટબોલ અને રગ્બી પણ રમતા હતા. તેમણે ભારતીય ફૂટબોલ એસોસિએશન (IFA) માં ખેલાડી અને વહીવટકર્તા બંને તરીકે સક્રિય ભૂમિકા ભજવી હતી.

ઇ.સ.૧૯૦૬માં લંડનમાં એક પ્રખ્યાત અભિનેતા અને થિયેટર માલિક સર ચાર્લ્સ વિન્ડહામે નોર્મન પ્રીચાર્ડને સલાહ આપતા તેમણે અભિનયની કારકિર્દી બનાવી અને ૧૯૨૦ના દાયકામાં હોલીવુડમાં આશરે ૨૫થી વધુ મૂક ફિલ્મોમાં અભિનય કર્યો. તેમણે અનેક ફિલ્મો કરી. આમ પૂર્વ ભારતના શણ અને ચાના વાવેતરકાર કરનાર નોર્મન પ્રીચાર્ડ પ્રથમ ઓલિમ્પિયન અને ત્યારબાદ હોલીવુડ ફિલ્મોમાં અભિનય કરનાર નોર્મન ટ્રેવર બન્યા. નોર્મન ટ્રેવર તરીકે સફળ કારકિર્દી પછી મગજની ગંભીર બીમારીને કારણે ૧૯૨૯માં ૫૨ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું.

ઓલિમ્પિક રમતોની સત્તાવાર વેબસાઇટ પ્રીચાર્ડને ભારતીય ખેલાડી તરીકે દર્શાવે છે. હવે નોર્મનના મેડલ ભારતના મેડલમાં ઉમેરવાના પ્રયાસો સફળ થયા છે અને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ તેમને ભારતીય ખેલાડી તરીકે માન્યતા આપેલ છે.

## જાણો અને અપનાવો ...

# LEG SWELLING

## શું તમારા પગમાં પણ સોજો આવે છે તો સાવધાન આ રોગોનું જોખમ હોઈ શકે...



ઘણી વખત પગમાં સોજો આવે છે આ એક સામાન્ય સમસ્યા છે. જો કે, આ સમસ્યા ત્યારે જ સામાન્ય છે જ્યાંસુધી તે ક્યારેક જ થાય, પણ જો તમારા પગ દિવસો સુધી સૂજેલા રહે અને જ્યારે તમે તમારા પગને દબાવો ત્યારે તેમાં ખાડો પડે તો તમારે સાવચેત થવાની જરૂરત છે.

પગમાં સોજો ગંભીર રોગ તરફ પહોંચી શકે છે માટે તેની અવગણના ન કરવી જોઇએ. જો બલ્ડ સર્કુલેશન યોગ્ય ન હોય તો તેના કારણે પણ આ સમસ્યા થઇ શકે છે.

તમારા પગમાં સોજાને કારણે તમે કઇ બીમારીઓનો શિકાર બની શકો છો તે જાણીએ.

શરીરની પેશીઓમાં વધારાનું પ્રવાહી એકઠું થઇ જાય, જેના કારણે આંગળીઓનું કદ વધવા લાગે છે અને પગમાં સોજો આવવા લાગે છે. આ હાર્ટ કે કિડનીની સમસ્યાને કારણે હોઇ શકે. લાંબા સમય ઉભા રહેવા કે બેસવાથી પણ આ સમસ્યા થઇ શકે છે.

હૃદય રોગ: જ્યારે તમારું હૃદય સરખી રીતે પંપીગ કરવામાં અસમર્થ હોય ત્યારે શરીરના નીચેના ભાગોમાં લોહી એકઠું થવા લાગે છે, જેના કારણે પગ અને અંગૂઠામાં સોજો આવવા લાગે છે જે ભવિષ્યમાં હાર્ટ એટેકનું કારણ બની શકે છે.

કિડની રોગ: કિડનીમાં થતી તકલીફોને કારણે શરીરમાંથી વધારાનું પ્રવાહી તથા લોહી દૂર કરવાની ક્ષમતાને અસર થાય છે. જેના કારણે પગ અને પગની ઘૂંટીઓમાં સોજો આવી શકે છે.

સંધિવા: સંધિવા એ એક પ્રકારનો એવો રોગ છે જેમાં યુરિક એસિડ નામના ક્રિસ્ટલ્સ સાંધામાં જમા થાય છે, જેના કારણે પગમાં તીવ્ર દુખાવો તથા સોજો આવે છે. આ સામાન્ય રીતે મોટા અંગૂઠામાં થાય છે.

પગમાં સોજાની સારવાર તેના કારણ પર આધારિત છે. જેને કારણે પગમાં સોજા થતી હોય તેના કારણ અને ઉપાય શોધવો જોઇએ. આને અવગણવું નહીં કેમ કે તે ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનો સંકેત હોઇ શકે છે.

# સવાલો જ સવાલો !

(શ્રી પરિતોષ ચક્રવર્તીની હિંદી વાર્તાને આધારે)

અમારો પંકજ એની ઉંમરના પ્રમાણમાં ઘણો વધારે ચબરાક છે. એના મનમાં સવાલો ઊઠતા જ રહે છે અને એ અમને પૂછતો રહે છે. ઘણા સવાલો તો એવા રહે, જેના જવાબ અમેય નથી આપી શકતા. કહ્યું છે ને કે, બાળકની બુદ્ધિ મોટાંને સતાવે છે !

એ દસ વરસનો થયો, ત્યારે એને બોર્ડીંગ સ્કૂલમાં મૂક્યો. હોસ્ટેલમાં રહીને ભણવાનું. હમણાં વેકેશનમાં ઘરે આવ્યો, ત્યારે એની એક નોટ પર મારું ધ્યાન ગયું. મેં તે લઈને ઊથલાવવા માંડી. નોટ મોટે ભાગે જાતજાતનાં ચિત્રોથી ભરેલી હતી. સરસ ચિત્રો દોરતો થયો છે ! કેટલાંકમાં તો રંગ પણ પૂરેલાં. રંગપૂરણી પણ મજાની હતી.

એ જ નોટમાં વચ્ચે-વચ્ચે થોડું લખાણ હતું. કૂતુહલવશ મેં એક પાન વાંચ્યું. અને પછી તો નોટ ઊથલાવતાં-ઊથલાવતાં લખાણવાળાં પાનાંઓ વાંચી ગયો. તેમાં મનમાં આવતા વિચારો ટપકાવ્યા હતા. નિયમિત ડાયરી જેવું તો નહોતું લખ્યું પણ વચ્ચે વચ્ચે મનમાં ચાલતી મથામણ લખી લીધી હતી. તેમાં અનેક સવાલો જ સવાલો હતા. ઘરે તો અમને પૂછી લેતો. હોસ્ટેલમાં કોને પૂછે ? એટલે લખી લીધા હશે. આ પાનાંઓમાંથી બાળમાનસમાં ઊઠતા રહેતા સવાલોનો સરસ ખ્યાલ આવે છે. તેમાંનાં કેટલાંક પાનાં અહીં ઉતાર્યાં છે

એક પાનું : આજે તમે લોકો હોસ્ટેલથી બસમાં સ્કૂલે જતા હતા, ત્યારે ટ્રાફિકની ભીડને કારણે એક જગ્યાએ બસ ઘણી વાર ઊભી રહી. ત્યારે મેં જોયું કે મારા જેવડો જ એક છોકરો ફૂલમાળા વેચતો હતો. ઊભાં રહેલાં વાહનો પાસે જઇ-જઇને એ ફૂલમાળા ખરીદવા લોકોને વીનવતો. કહેતો પણ ખરો કે,'બાબુજી, આટલી ફૂલમાળા લઈ લો. મારી માને મદદ થાય અને હું ભણવાનું ચાલુ રાખી શકું.' ભણવા માટે આને ફૂલમાળા વેચવી પડે ? પણ કોઇએ એની ફૂલમાળા લીધી નહિ. એ બિચારો એક વાહનથી બીજે વાહન ભટકતો જ રહ્યો !

તેવામાં એક ભિખારી આવ્યો. તેનેય બહુ લોકોએ તો ન આપ્યું. છતાં ચાર-પાંચ જણે કાંઇ ને કાંઇ એના હાથમાં મૂક્યું. મને આશ્ચર્ય થયું. આવું કેમ કરતા હશે લોકો ? પણ હું કોને પૂછું ? અમારી મેડમ તો આવા સવાલોથી ખીજવાઈ જાય છે. વઢીને કહે છે, 'ભણવામાં ધ્યાન પરોવો ! આડી-તેડી વાત ન કરો !' ઘરે જઈશ ત્યારે પપ્પાને પૂછી જોઇશ.

બીજું પાનું : પેલો ફૂલવાળો છોકરો આજે ય દેખાયો. પણ આ સ્થળ તો પેલા સ્થળ કરતાં ઘણું દૂર હતું ! ચાર-પાંચ કિલોમીટરનું અંતર હશે. શું આ છોકરો આટલું બધું પગે ચાલતો હશે ? હું તો થાકી જાઉં. મારાથી આટલું ન ચલાય. એના પપ્પા નહિ હોય ? મને એની સાથે વાત કરવાનું બહુ મન થાય છે.

ત્રીજું પાનું: આજે અમને એક ચિત્રપ્રદર્શન જોવા લઇ ગયેલા. મને તો ચિત્રો કાંઇ ન સમજાયાં. હા, કેટલાંક ચિત્રોના રંગ બહુ ગમ્યા. એક ચિત્ર વિશે મેં મેડમને પૂછ્યું. પણ એમણે બહુ ધ્યાન ન આપ્યું. કહી દીધું, 'જ્યારે મોટો થઇશ ત્યારે તને સમજાશે.' મારે તો આજે સમજવું હતું. શું ચિત્ર સમજવામાંયે મોટા થવું પડે ? અને તો પછી આ પ્રદર્શન જોવા અમને લઇ ગયા શું કામ ? મોટો થઇશ ત્યારે તો આ બધાં ચિત્રો મને યાદ પણ નહીં રહે... અરે બાબા ! વોર્ડન આવી રહી છે. લાઇટ બંધ કરવી પડશે.

ચોથું પાનું: એક છોકરાનો કંપાસ ગુમ થયો. મેડમે કલાસમાં કહ્યું, 'જેણે લીધો હોય તે આપી દો ! સાચું બોલશે, તો હું કાંઈ નહીં કરું.' બીજે દિવસે એક છોકરાએ કંપાસ આપતાં કહ્યું, 'મારે આવો જ કંપાસ જોઇતો હતો. આજે મારા પપ્પા આવવાના હતા. એમને બતાવવો હતો. પછી હું પાછો આપી દેવાનો હતો.' મેડમે ધડાક કરીને એને તમાચો ચોડી દીધો ! આવું કેમ ? સાચું બોલવાથી તમાચો પડતો હશે ?

પાંચમું પાનું : પાંચ દિવસથી અમે સ્કૂલે નથી ગયા. કહે છે કે શહેરમાં હુલ્લડ ચાલે છે. હુલ્લડ એટલે શું ? અમારો પ્યુન કહેતો હતો, 'લોકો એક-બીજા સાથે ઝઘડે, એક-બીજાને મારી નાખે.' શું મોટા માણસો પણ અમારી જેમ ઝઘડતા હશે ? પરંતુ અમે ઝઘડીએ તો કાંઈ કોઈને મારી ન નાખીએ. થોડી વારમાં સાથે રમીએ પણ ખરા. કાલે તો ખબર આવ્યા કે ઘણાં ઘરો બાળી મૂકવામાં આવ્યાં. લોકો આવું કેમ કરતા હશે ?... આ પાંચ દિવસ બહુ મજા પડી. હોસ્ટેલમાં અમે આખો દિવસ ક્રિકેટ રમતા રહ્યા.

છઠ્ઠું પાનું: કાલે રાતે હું પેશાબ કરવા ઊઠ્યો. રાતે બે વાગ્યા હશે. વોર્ડનની રૂમમાં હજી બત્તી બળતી હતી. મેં જઇને ડોકિયું કર્યું. વોર્ડન ટી.વી.પર ફિલ્મ જોઇ રહી હતી. મારા ઉપર એની નજર પડી. એટલે એ એકદમ તાડૂકીઃ 'હરામખોર ! અહીં કેમ આવ્યો ? ચાલ્યો જા તારા રૂમમાં. આ ફિલ્મ બાળકોને જોવાલાયક નથી.' હું તો ગભરાઈને મારા રૂમમાં દોડી આવ્યો.

પણ પછી મને કેટલીયે વાર સુધી ઊંઘ જ ન આવી. મને સમજમાં નથી આવતું કે 'વોર્ડન આટલી મોડી રાતે ફિલ્મ શું કામ જુએ છે? અને એ ફિલ્મ અમારે માટે જો ખરાબ હોય, તો એમને માટે ખરાબ નહીં હોય ? જો સડેલું સફરજન બાળકોએ ન ખાવું જોઇએ તો શું એ મોટાંઓથી ખવાય ?' મેં આજે આ સવાલ અમારા રસોયાને પૂછ્યો. તો એ ખડખડાટ હસી પડયો, પણ કાંઈ બોલ્યો નહીં. મારા ગાલે ટપલી મારી અને મારા માથે હાથ ફેરવ્યો. મને તો મોટા માણસોનું આવું બધું સમજાતું જ નથી.

નોટના છેલ્લા પાને લખ્યું હતું : ઠોકર વાગે છે તો બોલી પડાય છે 'ઓહ મા !' અને ડર લાગે છે તો 'અરે, બાપ રે !' આવું કેમ ? ઠોકરમાં મમ્મી સાંભરે અને ડરને પપ્પા ભગાડે ?

આવા છે, અમારા પંકજના સવાલો જ સવાલો ! તમને જવાબ જડે તો મને લખજો !

# સાસુ સાથે વેર

ક્વોરા પરથી

એક યુવતી પરણીને સાસરીએ આવી. સસરા તો સારા હતા પણ સાસુને વાત વાતમાં ટક-ટક કરવાની ટેવ હતી. જે છોકરી પરણીને આવેલી એને કોઇ ટક-ટક કરે એ બીલકુલ પસંદ નહોતું. સાસુની સતત ટક-ટકથી વહુ થોડા જ મહીનામાં કંટાળી ગઇ.

છોકરી થોડા દિવસ એમના પિયરમાં રોકાવા માટે આવી. મમ્મીએ દિકરીનો ચહેરો જોઇને જ અંદાજ લગાવી લીધો કે એમને સાસરીયામાં કંઇક તકલીફ છે એટલે એમણે દિકરીને એકાંતમાં બોલાવીને જે હોય એ પેટ છુટી વાત કરવા માટે કહ્યુ. દિકરીએ બધી જ વાત કરી અને પછી કહ્યું, 'મમ્મી, મને તો ઘણીવાર એવું થાય છે કે મારી સાસુને મારી નાંખુ, નહીંતર હું મરી જઇશ.'

મમ્મીએ દિકરીને સમજાવતા કહ્યું, 'બેટા, જો તું આવું કરીશ તો તારે જીંદગી જેલમાં વિતાવવનો વારો આવશે. હું તને એક એવો ઉપાય બતાવું કે તારી સાસુ મરી જાય અને તારા પર કોઇ આક્ષેપ પણ ન કરે.'

છોકરીએ કહ્યું, 'મમ્મી મને જલદી એ ઉપાય જણાવ.'

મમ્મીએ દિકરીને હળવા અવાજે કહ્યું, 'હું તને એક દવા આપીશ. એ ધીમું ઝેર છે. રોજ થોડું થોડું તારા સાસુના ભોજનમાં નાંખજે એટલે છ મહીના પછી એની અસરથી તારી સાસુ મરી જશે અને કોઇને તારા પર શંકા પણ નહી જાય.' બીજા દિવસે માએ દિકરીને એક દવા આપી. દિકરી રાજીની રેડ થઇ ગઇ કે છ માસમાં મારી બધી જ સમસ્યા ઉકેલાઇ જશે.

દિકરી સાસરે જવા વિદાઇ થઇ ત્યારે માએ એને કહ્યું, 'બેટા, તારે એક ખાસ બાબતનું ધ્યાન રાખવાનું છે કે આ છ માસ દરમ્યાન તું એક આદર્શ વહુ બનીને રહેજે. તારી સાસુ કંઇ ટક-ટક કરે એ બધું સાંભળી લેજે. એની સામે ક્યારેય ન બોલતી જેથી બધાને એવું લાગે કે તારી સાસુના મોતમાં તારો કોઇ હાથ નથી. આમ પણ તારે આ નાટક માત્ર છ માસ જ કરવાનું છે.'

બીજા દિવસથી વહુ સાવ બદલાઇ ગઇ. વાત વાતમાં સાસુની સામે થઇ જતી એના બદલે સાસુની સેવા કરવા લાગી. સાસુ ગમે તેવું ખરાબ બોલે તો પણ તે પ્રેમથી સાંભળી લે અને સાસુને હસીને જવાબ આપે.

વહુના બદલાવની અસર સાસુ પર પણ થવા લાગી. સાસુને વહુ હવે ગમવા લાગી. વહુને વઢવાને બદલે આડોશ પાડોશમાં વહુના વખાણ કરવાનું ચાલુ કર્યુ. ટક ટક તો સાવ બંધ જ થઇ ગઇ. વહુ જે સાસુને એ નફરત કરતી હતી એ સાસુ હવે એને વહાલી લાગવા માંડી પણ દવાથી સાસુ હવે થોડા મહિનામાં મરી જશે એ વિચારથી એ ધ્રુજી ઉઠી.

પિયર જઇને મમ્મીને કહ્યુ, 'મમ્મી, મારી સાસુ સાવ બદલાઇ ગઇ છે. મને ખુબ પ્રેમ કરે છે. હવે એ ખુબ લાંબું જીવે એવુ હું ઇચ્છું છું. મને કોઇ એવી દવા બતાવ જે આ ઝેરને બીન અસરકારક કરી દે.'

મમ્મીએ હસતા હસતા કહ્યું, 'બેટા, હું તારી મા છું અને હંમેશા તારા સારા માટે વિચારું છું. મેં તને ઝેર આપ્યું જ નથી, એ તો માત્ર શક્તિવર્ધક પાઉડર છે. મને ખાત્રી હતી કે તું તારી જાતને બદલીશ તો તારી સાસુ પણ આપોઆપ બદલાઇ જશે.'

ચાલો રસોડે...

# સ્વાદ અને સ્વાસ્થ્યથી ભરપૂર સ્મૂધીઓ – ૩

સવારના 'ચહા-પાણી' પીવાના આપણા વર્ષો જુના ચલણમાં હાલમાં એક નવું તત્ત્વ ઉમેરાયું છે. આજની યુવા પેઢી 'સેલ્ફ કોન્સિઅસ' બનીને પોતાનું વજન વધી ન જાય તે માટે અનેક ઉપાયો કરતી હોય છે. તે માટે હાલમાં સવારના 'હેલ્ધી ફૂડ્સ્' તરીકે નાસ્તામાં સ્વાદિષ્ટ સ્મૂધી બનાવીને ચરબીથી બચી શકાય છે. બનાવવામાં સરળ અને સ્વાદમાં બેસ્ટ એવી અનેક સ્મૂધીમાંથી તમને કઇ અનુકૂળ છે તે શોધી લો. એક સ્વસ્થ સ્મૂધી તમારા દિવસની શરૂઆત કરવાની એક શ્રેષ્ઠ રીત છે. ગયા વખતે આપણે થોડીક હેલ્ધી સ્મૂધી જોઇ હવે આગળ...



### ૧૩. સેલરી ને કાકડી સાથે લીલી શાકભાજીની સ્મૂધી

લીલા શાકભાજી ઘણા જણને ગમતા નથી પણ આ તાજગી સભર સ્મૂધી તેમના વિચાર બદલી શકે છે.

સામગ્રીઃ ૩ દાંડી સેલરી, ૧ નાની કાકડી, ૧ નાનો ટુકડો આદુ, ૧ ચમચી લીંબુનો રસ, પા કપ પાણી.

રીતઃ કાકડીને છોલીને નાના ટુકડા કરો. બધી સામગ્રીને ફૂડ પ્રોસેસર કે મિક્સીમાં નાખી એકરસ થાય ત્યાં સુધી બ્લેન્ડ કરો. સીઝન પ્રમાણે બરફ ઉમેરી શકો છો.



### ૧૪. પીચ સ્મૂધી

તમને રોજ સવારે કંઇક મીઠું ખાવાની આદત છે ? આ ખૂબ જ પીચી પીણાથી તમારા મીઠા દાંતને રીઝવો.

સામગ્રીઃ એક કપ છોલીને કાપેલા પીચ, અડધો કપ મોળું દહીં, પા કપ મિલ્ક, એક ચમચી સ્વીટનર (સ્ટીવિયા).

રીતઃ બધી સામગ્રી બ્લેન્ડરમાં નાખી બરોબર મિક્સ કરીને સાથે બરફ ચર્ન કરીને સર્વ કરો.



### ૧૫. રાસ્પબેરી સ્મૂધી

આ સ્વાદિષ્ટ પીણું પોષણનો પાવરહાઉસ છે. તમે આખો દિવસ આ સ્મૂધીથી પસાર કરી શકો છો.

સામગ્રીઃ પા કપ રાસબેરી, ૧ કેળું, ૨ મીડીયમ સાઇઝના સંતરા, પા કપ મોળું દહીં.

રીતઃ સંતરાનો આશરે ૧ કપ જેટલો રસ કાઢી લો. પહેલા ફ્રૂટસ્ નાખી મિક્સીમાં સ્મુથ થાય ત્યાં સુધી ફેરવો પછી દહીં ઉમેરી બરોબા મિક્સ કરી સ્મૂધી સર્વ કરો.




### ૧૬. સ્ટ્રોબેરી શરબત સ્મૂધી

ઉનાળાના દિવસોમાં આ સ્ટ્રોબેરી શરબત સ્મૂધી ખૂબ જ રાહત આપે છે. ઉપરાંત તે એન્ટીઑકિસડન્ટ અને ફ્લેવોનોઇડ્સથી ભરપૂર છે. આ એક સ્વાદિષ્ટ સ્વસ્થ પીણું છે.

સામગ્રીઃ ૨ કપ સ્ટ્રોબેરી (ફ્રોઝન કે ફ્રેશ), ૧ કપ પાણી.

રીતઃ બ્લેન્ડરમાં સ્ટ્રોબેરી અને પાણી ઉમેરો અને બરોબર સ્મૂથ થાય ત્યાં સુધી બ્લેન્ડ કરો. જરૂરત મુજબ બરફનો ભુક્કો કરીને ઉમેરી શકો છો.



### ૧૭. કોળાની સ્મૂધી

આ એક કેલરી વગરની પણ વિટામિન એ અને ઇ થી ભરપૂર સ્વાસ્થ્યપ્રદ પીણું છે. કોળું એ કોઇનું ભાવતું ફળ નથી જ પણ તે સ્વાસ્થ્ય માટે કુદરતનું એક સુંદર નજરાણું છે. આ સ્મૂધી તમને મહિનામાં અસર દેખાડશે.

સામગ્રીઃ ૧ કપ કોળાની પ્યુરી, ૧ પાકેલું કેળું, પા કપ દહીં, પા કપ દૂધ, અડધી ચમચી તજ, પા ચમચી ચાટ મસાલો.

રીતઃ જણાવેલ બધી સામગ્રીને મિક્સીમાં બરફ પર બરાબર ચર્ન કરી લો પછી સર્વ કરો.



### ૧૮. ગાજર સ્મૂધી

ગાજર ફાઇબર, વિટામિન એ, ઇ અને ઇ-૬ નો સારો સ્રોત છે. ઓછી કેલરી, સ્વાસ્થ્ય વર્ધક, ત્વચાને નિખાર આપે છે.

સામગ્રીઃ ૧ કપ ગાજર, ૧ કપ પાણી, પા કપ દૂધ, ૧ કેળું, અડધો કપ પાઇનેપલના નાના ટુકડા, પા ચમચી છીણેલું આદુ, ચપટી તજ.

રીતઃ ગાજરને છોલી ટુકડા કરી પાણી સાથે પ્યુરી જેવું બ્લેન્ડ કરો. પછી તેમાં બાકીની સામગ્રી ઉમેરી સ્મૂથ થાય ત્યાં સુધી ચર્ન કરો. સારા સ્વાસ્થ્ય માટે આ એક ઉત્તમ સ્મૂધી છે.